

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ-૨૦૨૧નું નયન રમ્ય અને આકર્ષક કેલેન્ડરનું વિમોચન કર્યુ હતુ. તે વેળાએ મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર, ઉદ્યોગ વિભાગના સચિવ સંદીપ કુમાર, અધિક માહિતી નિયામક સર્વ અરવિંદભાઈ પટેલ, પુલકભાઈ ત્રિવેદી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીના નિયામક વી.એમ. રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા તે વેળાની તસવીર.

# વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મુલાકાતે ઉત્તરાખંડ રાજ્યના રાજ્યપાલ

## મુખ્યમંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ સ્મૃતિ ભેટ રૂપે અર્પણ કરી

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સૌજન્ય મૂલાકાત ઉત્તરાખંડના રાજ્યપાલ શ્રીમતી બેબી રાની મૌર્યએ ગાંધીનગરમાં લીધી હતી. ઉત્તરાખંડના રાજ્યપાલ ગુજરાત પ્રવાસે છે અને તે દરમ્યાન તેમણે કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટી, એશિયાટીક લાયન ધામ ગીરનાર, દ્વાદશ જ્યોતિલીંગ સોમનાથની મૂલાકાત લીધી હતી અને વિશ્વની સૌથી ઊંચી સરદાર પ્રતિમા-સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા કેવડીયાના સર્વગ્રાહી પ્રવાસન ધામ તરીકે વિકાસથી તેઓ પ્રભાવિત થયા હતા. ઉત્તરાખંડ રાજ્યપાલએ ત્યાર બાદ મુખ્યમંત્રી નિવાસસ્થાને આજે વિજયભાઈ રૂપાણીની સૌજન્ય-શુભેચ્છા મૂલાકાત લીધી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉત્તરાખંડના રાજ્યપાલને વિશ્વની સૌથી વિરાટ-ઊંચી સરદાર પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ સ્મૃતિ ભેટ રૂપે આ મૂલાકાત વેળાએ અર્પણ કરી હતી.

શ્રીમતી અંજલિબહેન રૂપાણી તેમજ ઉત્તરાખંડ રાજ્યપાલશ્રીના પતિ પ્રદીપકુમારજી પણ આ સૌજન્ય-શુભેચ્છા મૂલાકાત વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.



ઉત્તરાયણ પર્વે આપણે ત્યા દાન-પુણ્યનો ખુબ મહિમા છે. એમાંય અબોલ પશુ-પંખીઓને ખવડાવવાનું ખુબ મહત્વ છે. શેરીમાં રખડતા કુતરાઓને લાડુ બનાવીને આ પર્વ નિમિત્તે ખવડાવવામાં આવે છે. સેક્ટર-૨૨ની સરકારી વસાહતની મહિલાઓએ શેરીના કુતરાઓ માટે લાડુ બનાવી તેમને ખવડાવ્યા હતા.

# શ્રી જે.બી.પ્રાથમિક શાળા દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવવાની ઓનલાઈન પ્રવૃતિ યોજાઈ




ગાંધીનગર, તા. ૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે તા.૨૮/૧૨/૨૦૨૦ ને સોમવારે વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવવાની પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બધા જ વર્ગના કુલ ૭ વિદ્યાર્થીઓ એ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ફૂલદાની, પેન સ્ટેન્ડ, કી હોલ્ડર, સુશોભન ની વસ્તુઓ વગેરે નું વેસ્ટ મટીરીયલમાંથી બેસ્ટ સર્જન કર્યું હતું. વાલીશ્રીઓએ આ પ્રવૃતિ અંગે સકારાત્મક અભિપ્રાય આપી આ પ્રવૃતિને આવકારી હતી.

શાળાનાં આચાર્યશ્રી નીલાબેન પટેલે શિક્ષકોના માર્ગદર્શન અને માતા પિતાનાં સહયોગથી ભાગ લઈ સુંદર સર્જનાત્મક કૃતિઓ બનાવનાર વિદ્યાર્થીઓને તથા વાલીશ્રીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# ફિટ ઈન્ડિયા મુવમેંટ સપ્તાહ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનો આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમ સાદરા દ્વારા જન આંદોલન

## હસ્તી વેગડ, આરતી પટેલ, ન્યુઝી ત્રિવેદી અને જીનલ બહેન વાણિયા વિજેતા બન્યા

ચિલોડા, તા. ૩૦

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા ફિટ ઈન્ડિયા મુવમેંટ સપ્તાહ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓના આયોજન કરવામાં આવ્યું જેમાં નિબંધ લેખન, સૂત્ર લેખન અને ચિત્ર લેખન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકોએ મોટી સંખ્યામાં ઓનલાઈન માધ્યમથી ભાગ લીધો હતો ફિટ ઈન્ડિયા મુવમેંટને જન જન સુધી પાહૂચાડવા માટે એક સ્વયં સેવક પોતાના પાંચ સગા સંબંધી, રિશ્તેદારો અને મિત્રોને એક અઠવાડીયાની શારીરિક યોગ્યતા અને યોગની તાલીમ આપવાનું પ્રેરણાદાયી કાર્ય કર્યુ હતું અને ફિટ ઈન્ડિયા મુવમેંટને જન આંદોલન તરીકે અઠવાડિયા સુધી લોકોને પોતાની જીવનચર્યામાં અનિવાર્ય પાને જોડવાનું સરસ કાર્ય કરવામાં આવ્યું હતું જેમાં વિશેષ ફિટ ઈન્ડિયા મુવમેંટના એમ્બેસેડર તરીકે જીનાલીમોતા, હસ્તી વેગડ, એલિસ ક્રિશ્ચિયન, ગૌરવ બાલ્યાન, વિનોદ કોલી, શકીલ ચૌધરી, શ્રી તુષાર લેઉવા, ફેજ મોઈન, આરતી પટેલ, વિશાલ રાઠોડ, જય આચાર્ય અને જીનલ વાણિયાએ પોતાની સેવાઓ આપી હતી વિવિધ સ્પર્ધાઓમાં જેવી કે નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન હસ્તી વેગડ અને આરતી પટેલ બીજો સ્થાન સંયુક્ત રીતે દીપક યાદવ અને હર્ષ પટેલે પ્રાપ્ત કર્યો હતો જ્યારે ત્રીજો સ્થાન સંયુક્ત રીતે શકીલ ચૌધરી અને કમલેશ રાવલે પ્રાપ્ત કર્યો હતો.

એવી રીતે જ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ સ્થાન ન્યુઝી ત્રિવેદી બીજો સ્થાન સંયુક્ત રીતે નિધિ પટેલ અને રાજા નલ્લા જ્યારે ત્રીજો સ્થાન સંયુક્ત રીતે ફેજ મોઈન અને સોનલ બહેન ખાંટે પ્રાપ્ત કર્યો હતો જ્યારે સૂત્ર લેખન સ્પર્ધામાં વિજેતા તરીકે બી.પી,ઈ.એસ. પ્રથમ વર્ષની વિદ્યાર્થી બહેન જીનલ બહેન વાણિયાએ પ્રાપ્ત કર્યું હતું સૌથી વિશેષ અને નોંધનીય વાત એ છે કે દરેક સ્પર્ધાઓમાં બી.પી,ઈ.એસ. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ સૌથી મોટી સંખ્યામાં ભાગ લીધો અને દરેક સ્પર્ધામાં વિજેતાઓ બનવાનું ગૌરવ પણ પ્રાપ્ત કર્યું હતું વિવિધ સ્પર્ધાઓના નિર્ણાયક તરીકેની જવાબદારી ડો. વિજયભાઈ મકવાણા, ડો. નિમેશભાઈ ચૌધરી, ડો. અરવિંદભાઈ રામીએ નિભાવી હતી સંપૂર્ણ કાર્યક્રમના આયોજનમાં ડીન પ્રો. પ્રભુલાલ કાસુંદ્રાનો માર્ગદર્શન અને પ્રોત્સાહન રહ્યો હતો કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું.




# ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી સ્મૃતિ ગ્રંથનું વિમોચન



ચિલોડા, તા. ૩૦

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરામાં શતાબ્દી ઉજવણી પ્રસંગે અનેક વિવિધ પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન કરવામાં આવી હતી. જેમાં સંકુલ વિકાસ, ગ્રામસેવા પ્રવૃત્તિ, કૃષિ-પશુપાલન વિસ્તરણ, ઓનલાઈન રાજય-રાષ્ટ્રીય વેબીનાર, સ્વચ્છતા - સફાઈ અભિયાન, વૃક્ષારોપણ, ફળાઉ વૃક્ષોનું વાવેતર, ફૂલછોડ ઉછેર, કોવિડ-૧૯ સંક્રમણ પ્રતિકારક અભિયાન, કોવિડ-૧૯ સંક્રમણ લોકડાઉન વખતે અનાજ કિટ વિતરણ, જરૂરિયાત વાળાઓને ફુડપેકેટ વિતરણ, માસ્ક વિતરણ, પ્રભાત ફેરી, ગાંધી રેલી, ગાંધીગીત ગૂંજન, ગાંધી વિચારોનું વિસ્તરમ કાર્ય, ગાંધી પુસ્તકોનું વિતરણનો સમાવેશ કરી ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી સ્મૃતિગ્રંથ બનાવવામાં આવ્યો. જેનું વિમોચન ગૂજરાત વિદ્યાપીઠના વાઈસ ચાંસેલર ડૉ. અનામિક શાહના હસ્તે કરાયું.

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાની શતાબ્દી સ્મૃતિ સમિતિના સભ્યો ડૉ. રાજેન્દ્ર જોષી, ડૉ. દેવુ મોતી, ડૉ. દિવ્યેશ ભટ્ટ, વિશાલ માંગરોલિયા, ડૉ. મિલન ભટ્ટના સહયોગથી સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શતાબ્દી સ્મૃતિગ્રંથ તૈયાર કરવામાં આવ્યો. કુલસચિવ ડૉ. ભરતભાઈ જોષી, નિયામક ડૉ. રાજેન્દ્ર ખીમાણી, ડૉ. નિમિષા શુક્લની હાજરીમાં તાળીઓના ગળગળાટ સાથે ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી સ્મૃતિગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું.



# વી. કેર ફાઉન્ડેશન બહેનો દ્વારા કરિયાણાની કીટ અને ધાબળા વિતરણ

ગાંધીનગર, તા. ૩૦

માગશર સુદ પવિત્ર પુનમના દિવસે ગાંધીનગર સ્થિત વી.કેર ફાઉન્ડેશન સંસ્થાની સેવાભાવી બહેનો જેમાં સુધાબેન પટેલ, લીલાબેન, તરુબેન, હસુમતીબેન તથા અન્ય અગ્રણી બહેનો દ્વારા ઉવારસદ મહાદેવના મંદિરના પટાંગણમાં જરૂરિયાતમંદ લાભાર્થી બહેનોને અનાજ કરિયાણાની કીટ તેમજ ગરમ ધાબળાનું વિતરણ કરી સાચા અર્થમાં જરૂરતમંદ ગરીબ પરિવારોને માટે સેવાૌની પ્રવૃત્તિ કરી હતી.

# જીગ્નેશ તોગડિયા પીએચ.ડી થયા



ગાંધીનગર, તા. ૩૦

અશ્વિનભાઈ એ.પટેલ કોમર્સ કૉલેજ ના આસિસ્ટન્ટ પ્રોફેસર જીજ્ઞેશ તોગડિયા ને કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તાજેતરમાં પી.એચ. ડી.ની પદવી એનાયત કરવામાં આવી હતી. તેઓએ ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ 'અ સ્ટડી ઓફ સેક્ટોરલ ઈમ્પેક્ટ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જી એસ ટી) ઓન શેર રીટર્ન ઓફ ઈન્ડીયન સ્ટોક એક્સચેન્જ' વિષય પર શોધ નિબંધ તૈયાર કર્યો હતો.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'ઈન્ડિયન સેટેલાઈટ એન્ડ ઈટ્સ એપ્લિકેશન્સ' વિષય પર વેબિનાર યોજાયો

વલ્લભ વિદ્યાનગર, તા. ૩૦

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે IEEE સ્ટુડન્ટ બ્રાન્ચ દ્વારા વિજ્ઞાન ગુર્જરી પરિચય અંતર્ગત 'ઈન્ડિયન સેટેલાઈટ એન્ડ ઈટ્સ એપ્લિકેશન્સ' પર વેબિનાર યોજાયો.જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ.શિવ મોહન (ભૂતપૂર્વ પ્રોજેક્ટ ડિરેક્ટર, ISRO),ડૉ.પ્રશાંત કુંજડિયા (સચિવ,વિજ્ઞાન ગુર્જરી પ્રાંત ), ડૉ.વિદ્યાધર વૈદ્ય, ડૉ.ઈંદ્રજિત એન.પટેલ (પ્રિન્સિપાલ, BVM),ડૉ.દર્શન દલવાડી (IEEE બીવીએમ સ્ટુડન્ટ બ્રાન્ચ કાઉન્સિલર) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે ગીતા જયંતી,નાતાલ તથા ભારત દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મ દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી તથા જણાવ્યું હતું કે ૧૪ જૂન ૧૯૪૮ના રોજ સ્થપાયેલ બીવીએમ તેના મુદ્રાલેખ 'વર્ક ઈઝ વર્શિપ' તથા વિઝન' ટુ પ્રોડ્યુસ ગ્લોબલી એમ્પલોયેબલ ઈનોવેટિવ એન્જીનીયર્સ વિથ કોર વેલ્યુઝ પર સતત પ્રયત્નશીલ છે જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ દ્વારા




રાષ્ટ્રનિર્માણ માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ન્યુ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા,આત્મનિર્ભર ભારત ને અનુસરે છે.સ્પેસ સાયન્સ ટેક્નોલાજીમાં ISRO ની હરણફાળે ભારત ને સ્પેસ ટેક્નોલાજીમાં પુરા વિશ્વમાં છઠો ક્રમાંક અપાવ્યો છે જે સૌથી ગૌરવપૂર્ણ બાબત છે જે ISRO ના પાયા માં ડૉ.વિક્રમ સારાભાઈ નું મહત્વપૂર્ણ યોગદાન છે. વિદેશના સેટેલાઈટનું ISRO દ્વારા સફળ લોન્ચિંગ હોય કે મંગળયાન તથા ચંદ્રયાન ની સફળતા હોય, ISRO એ સ્પેસ ટેક્નોલાજીમાં ભારત દેશ ને સાચા અર્થ માં આત્મનિર્ભર બનાવ્યું છે.

ડૉ.પ્રશાંત કુંજડિયા એ સ્વદેશી સાયન્સ ચળવળ દ્વારા વર્ષ ૧૯૯૧ માં વિજ્ઞાનભારતી ની સ્થાપના ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (બેંગલુરુ ) ખાતે પ્રો.કે આઈ. વાસુના માર્ગદર્શન હેઠળ કેવી રીતે થઈ તેની રસપ્રદ માહિતી આપી હતી તથા ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ વિષે જણાવ્યું હતું. ડૉ.શિવ મોહને વર્ષ ૧૯૫૭ માં રશિયા એ લોન્ચ કરેલ સ્પુટનિક સેટેલાઈટ,વર્ષ ૧૯૭૫ માં ભારતીય સેટેલાઈટ આર્યભટ્ટ, LEO, MEO, જીઆ ેસ્ટેશનરી સેટેલાઈટ્સ,પોલર સેટેલાઈટ, IRNSS,NAVIK તથા તેનો અર્થ ઓબ્ઝર્વેશન,ગ્લોબલ પોઝિશનિંગ,રિમોટ સેન્સિંગ,વેધર ફોરકાસ્ટિંગ, ટેલિમેડીસીન, કોમ્યુનિકેશન, એગ્રિકલચરમાં ઉપયોગ વિષે તથા ISRO ના આગામી પ્રોજેટ્કસ વિષે રસપ્રદ માહિતી આપી હતી.

## જન્મદિને વધામણી



યોગી રામદાસજી રાવળ
કથાકાર
મો. ૮૮૬૬૦ ૯૦૯૩૭



ભટ્ટ ચેતનકુમાર અરવિંદભાઈ



ભગવાનભાઈ કા ગોહેલ
પ્રમુખ, ગાંધીનગર શહેર મોચી સમાજ
મો. ૯૯૭૮૪ ૪૨૦૪૪



મિસરી એમ. પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫



ક્રિશા મૌલિક મહેતા



માસ્ક પહેરો... સ્વસ્થ રહો...